# ઈકોનોમિક ટાઈમ્સ 01.01.2010

## BSNL ના ટેન્ડર ફિયાસ્કોમાં PMO દરમિયાનગીરી કરશે.

નવી દિલ્હી : સરકારી માલિકીની ટેલિકોમ કંપની BSNL 9.3 કરોડ લાઈન માટેનો GSM કોન્ટ્રાકટ મુલતવી રાખતા વડાપ્રધાન કાર્યાલય (PMO) આ મુદ્દે દરમિયાનગીરી કરવા જઈ રહયુ હોવાનું ગતિવિધિથી માહિતગાર અધિકારીએ ઈટીને જણાવ્યું હતું BSNL ની નબળી કામગીરી, ઘટતી આવક અને ઘટતા બજાર હિસ્સા અંગે ચર્ચા કરવા PMO ઓ એ 6 જાન્યુઆરીના રોજ બેઠક બોલાવી છે.

સરકારી અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બેઠકમાં વડાપ્રધાન મનમોહન સિંઘ, સંચાર મંત્રી એ રાજા, નાણામંત્રી પ્રણવ મુખરજી, ટેલિકોમ સચિવ પી. જે થોમસ, BSNL ના CMD કુલદીપ ગોયલ, આયોજન પંચના સભ્યો તેમજ જ્ઞાન પંચના ચેરમેન (સંચાર વિભાગના વિશેષ સલાહકાર ) સામ પિત્રોડા પણ બેઠકમાં હાજર રહેશે.

પાછલાં બે વર્ષથી BSNL ખૂબ ખોટ કરી રહી છે. તેની અનામાતના વ્યાજની આવકના કારણે તેની આર્થિક સ્થિતિ થોડી સુધરી છે. સેલ્યુલર સેવાના વિસ્તરણની તેની ક્ષમતા 18 માસ અગાઉ જ પૂરી થઈ ગઈ હતી. પાછલા 24 મહિના દરમિયાન મોબાઈલ નેટવર્ક અને ઈકિવપમેન્ટના કોઈ મોટા કોન્ટ્રાકટ આપવામાં આવ્યા નથી. 10 અબજ ડોલરના ટેન્ડરમાં ગેરરીતીના કારણે મુખ્ય તકેદારી આયોગ (CVC) એ નવેસરથી તપાસ શરૂ કરી હતી. ટેન્ડરની માર્ગરેખા પ્રમાણે સફળ બિડરો સાથે વાટાઘાટો કરી નથી શકતી. ઉતર અને દક્ષિણ પૂર્વ ઝોનમાં સ્વિડનની એરિકશન, જયારે પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં ચીનની હુવૈઈ ની બિડ સૌથી ઓછી રહી હતી.

દરમિયાન ટેન્ડર સ્થગિત કરવાના પગલા સામે BSNL ના કર્મચારીઓની છત્ર સંસ્થાએ વિરોધ કરવાની ધમકી આપી છે. BSNL Employees Union ના મહાસચિવ VAN Namboodiri એ જણાવ્યું હતું કે અગાઉ પણ વિસ્તરણ યોજના મોકુફ થવાથી અમે હડતાલ પર ગયા હતા અને આ રણનીતિ ફરીથી અખત્યાર કરવા અંગે બે દિવસમાં નિર્ણય લેવામાં આવશે. અમે BSNL Management અને સંચાર વિભાગ સાથે વાટાઘાટો કરી હતી પરંતુ આ નિર્ણયથી અમે ખૂબ નિરાશ થયા છીએ.